# ગાંધીનગરથી અમદાવાદ માત્ર ૨૦થી ૨૫ મિનિટમાં પહોંચી શકાશે

## ફાસ્ટ મુવિંગ અને લોકલ ટ્રાફિક સાથે ચિલોડાથી વાયા ગાંધીનગર-સરખેજ સુધીના ઓવરબ્રીજ જુલાઇ સુધીમાં પૂર્ણ થશે



ગાંધીનગર, તા. ૧૯

માર્ગ પર હેવી ટ્રાફિક હોવાના કારણે એસજી હાઈવે પર ગાંધીનગરથી અમદાવાદમાં સરખેજ સુધી જવા માટે અત્યારે એક કલાકનો સમય થાય છે પરંતુ જુલાઈ ૨૦૨૧ પછી આ અંતર ઘટીને માત્ર ૨૦ થી ૨૫ મિનિટનું થશે. આ માર્ગનું કામ અત્યારે પૂરજોશમાં ચાલી રહ્યું છે. આ હાઈવે ૧૦ લેનમાં હશે.

રાજ્યના માર્ગ મકાન વિભાગે વૈષ્ણોદેવી સર્કલ પાસે અગાઉ ઓવરબ્રીજ બાંધવાનુ નક્કી કર્યુ હતું પરંતુ હવે આ જગ્યાએ અંડરબ્રીજ પણ બનશે. અગાઉ વૈષ્ણોદેવી સર્કલે એસજી હાઈવેના ટ્રાફિક માટે ઓવરબ્રીજ ઉપરાંત નીચે અંડરબ્રીજ માટે ડિઝાઈન તૈયાર કર્યાનું જણાવતા ઉચ્ચ અધિકારીએ કહ્યુ કે, સૌરાષ્ટ્રથી, ઉત્તર અને મધ્ય ભારતને જોડતા એસપી રીંગ રોડ ઉપર હેવી ટ્રાફિક રહે છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેર ઠંડુગાર : પારો ૧૦.૫ ડીગ્રી

## આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાન સિંગલ ડીઝીટમાં આવી જાય તેવી સંભાવના : આકરી ઠંડીથી બચવા ગરમ કપડાની ખરીદીનુ પ્રમાણ વધ્યુ : રાત્રિના સમયે શહેરમાં સન્નાટો

ગાંધીનગર તા ૧૯

શહેરમાં ઠંડીનો પારો રોજ ગગડી રહ્યો છે. જેના લીધે રોજ બરોજ રેકર્ડબ્રેક ઠંડી નોંધાઈ રહી છે. છેલ્લા ત્રણ દિવસથી લઘુત્તમ તાપમાન ગગડતા નગરજનો આકરી ઠંડી વેઠી રહ્યા છે. આજે પણ ઠંડીનો પારો ૧૦.૫ ડીગ્રીએ પહોંચી ગયો હતો ગઈકાલની સાપેક્ષમાં લઘુત્તમ તાપમાન ૦.૭ ડીગ્રી ગગડયુ હતુ. સવારથી જ વાતાવરણમાં અસહ્ય ઠંડીનો અહેસાસ થતા મોર્નિંગ વોક કરનારાઓની સંખ્યા પણ હવે ઘટી રહી છે. જયારે રાત્રિના સમયે શહેરમાં સુનકાર છવાયેલો જોવા મળે છે.

શહેરમાં ઠંડીની મોસમ જામી છે. આક્રમક ઠંડીની લહેરથી નગર કોલ્ડવેવની ગિરફતમાં આવી ગયુ છે. ઠંડીનો પારો રોજબરોજ ગગડી રહ્યો છે. આજે પણ લઘુત્તમ તાપમાન ૦.૭ ડીગ્રી ઉંચકાયુ હતુ. અલબત્ત ગઈકાલની સાપેક્ષમાં ઠંડી વધી હતી જેના લીધે સિઝનની રેકર્ડ બ્રેક ઠંડીનો અહેસાસ નગરજનોએ કર્યો હતો. બીજીતરફ મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે ૧૯ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો હતો. જો કે મહત્તમ તાપમાન ગઈકાલની સાપેક્ષણાં ૨ ડીગ્રી ઉંચકાયુ હતુ. આકરી ઠંડીની સાથે વધતા કોરોનાના કહેરથી બચવા માટે નાગરિકો કામ સિવાય ઘરની બહાર નિકળતા નથી. રાત્રિના સમયે નગરના માર્ગો , શોપિંગ બજારો તેમજ સેકટરોની શેરીઓમાં સન્નાટો જોવા મળે છે. સાંજ ઢળતા જ નગરમાં ઠંડીનુ મોજુ ફરી વળે છે. આકરી ઠંડીના લીધે નગરમાં ગરમ કપડાની ડીમાન્ડ પણ વધી છે. શહેરીજનો ઠંડીથી બચવા માટે અનેક નુસખા અજમાવી રહ્યા છે.

જયારે ખુલ્લામાં રહેતા શ્રમિકોની હાલત પણ અત્યંત દયનીય બનતી જાય છે. ઠંડીને



ધ્યાને લઈ નગરની સેવા સંસ્થાઓએ પણ જરૂરિયાતમંદોને ગરમ કપડાનુ વિતરણ શરૂ કરી દીધુ છે. આગામી દિવસોમાં હજુ ઠંડીનો પારો સિંગલ ડીઝીટમાં આવી જવાની સંભાવના છે. ત્યારે ઠંડીની મોસમનો ઉગ્ર મિજાજ નગરજનો માટે વધુ આકરો બનશે તેમ પણ મનાઈ રહ્યુ છે. ઠંડીનુ પ્રમાણ એકાએક વધતા શહેરીજનોના આરોગ્ય પર વિપરિત અસર વર્તાઈ રહી છે. ડબલ સિઝન બાદ આકરી ઠંડીના લીધે પણ શરદી ઉધરસ અને તાવના દર્દીઓ વધ્યા છે. જયારે વધતી ઠંડી વચ્ચે દમ અને શ્વાસના દર્દીઓની પરેશાની પણ વધી છે.

# ગાંધીનગરને ડસ્ટબીન ફ્રી સીટી બનાવવા માટે અન્ડરગ્રાઉન્ડ ડસ્ટબીન સિસ્ટમ લગાવાશે

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર શહેરનો સ્વચ્છતા સર્વેક્ષણમાં ડસ્ટબીન ફ્રી સીટી તરીકે દર્શાવવા માટે આજે રૂ. ૧૫ કરોડથી વધુના ખર્ચે અન્ડર ગ્રાઉન્ડ ડસ્ટબીન સિસ્ટમને મંજૂરી આપી હતી.

આજે મહાનગરપાલિકાની સ્થાયી સમિતિની બેઠકમાં આ મુદ્દે ૨૦ મિનિટથી પણ વધુ ચર્ચાને અંતે બહાલી આપવામાં આવી હતી. તંત્રના અધિકારીઓએ આવી રહેલા સ્વચ્છતા સર્વેક્ષણમાં ડસ્ટબીન ફ્રી સીટી ગાંધીનગર બતાવવા માટે આ પ્રોજેક્ટ મહત્વ ધરાવે છે તેવુ જણાવ્યુ હતુ. સભ્યોએ આ બાબતે પુછેલી વાતોના

### સ્થાયી સમિતિએ આજે નવા સમાવાયેલા ગ્રામ વિસ્તાર માટે ૪૯ કરોડના કામો તથા મેયરની ગ્રાન્ટમાંથી આઈસીસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સને મંજૂરી આપી

ખુલાસામાં તેમણે આ વાત જણાવી હતી. દ. ગુજરાતના સુરતમાં આ પ્રોજેક્ટ નિષ્ફળ રહ્યાનો ઉલ્લેખ પણ બેઠકમાં કરાયો હતો પરંતુ તંત્ર આ પ્રોજેક્ટને મંજૂરી મળે તે માટે તેનો પક્ષ મજબુતાઈથી રજુ કરવામાં સફળ રહ્યો હતો.

આજે પણ સ્થાયી સમિતિમાં કમિશનર ડૉ. રતનકુંવર ગઢવી(ચારણ) હાજર રહ્યા ન હતા. છેલ્લા સાત માસથી તેઓ સ્થાયી સમિતિની બેઠકમાં હાજરી આપવાનું સતત ટાળી રહ્યા છે.

આજે સ્થાયી સમિતિએ મેયરની ગ્રાન્ટમાંથી આઈસીસીયુ ઓન વ્હીલ્સ એમ્બ્યુલન્સને પણ મંજૂરી આપી વહીવટીતંત્રની ચાલને સફળ બનાવી હતી.

વહીવટીય પાંખ અને ચૂંટાયેલી પાંખ વચ્ચેની મડાગાંઠનો જાણે અંત આવ્યો હોય તેમ આજે એજન્ડા પરની નવ બાબતોને મંજૂરી આપી દેવામાં આવી હતી. જો કે વિકાસના મુદ્દે કોઈ જ પૂર્વગ્રહ સભ્યોને ન હોવાનો દાવો બેઠક બાદ રાજકીય ચર્ચાઓમાં વ્યક્ત કરાતો નજરે પડ્યો હતો.

આજની સ્થાયી સમિતિની બેઠક એક કલાકથી પણ વધુ સમય માટે ચાલી હતી. આજની આ બેઠકમાં નવા સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારના ૪૯ કરોડના કામોને પણ બહાલી આપવામાં આવી હતી.

# શહેરના જુના સેકટરોમાં છ-કક્ષાના નવા ૫૮૦ મકાનો બાંધવામાં આવશે

## સે-૨૭ થી ૩૦ માં ટુંકમાં જ સ્થળ પસંદગી કરાશે : સે-૬ માં બી અને સી કક્ષાના ફેઇઝ વનનુ કામ પુર્ણતાના આરે માર્ચમાં લોકાર્પણ કરાશે

ગાંધીનગર તા ૧૯

શહેરમાં નવા આવાસો બાંધવા માટે સે-૬ માં કામ ચાલી રહ્યુ છે. હાલ શહેરના સે-૬ માં બી અને સી કક્ષાના ૬૭૨ આવાસો બાંધવામાં આવી રહ્યા છે. જયારે આ પૈકી ફેઈઝ-૧ નુ કામ પુર્ણતાના આરે છે. હાલ આ આવાસોને રંગરોગાન કરવામાં આવી રહ્યુ છે. જયારે આગામી માર્ચ મહીનામાં આ આવાસોનુ લોકાર્પણ કરવામાં આવશે. જયારે કર્મચારીઓના વસવાટ માટે આવાસની જરૂરિયાત પુરી કરવા માટે શહેરના સે-૨૭ થી ૩૦ માં છ કક્ષાના નવા ૫૮૦ નવા મકાનો બાંધવામાં આવશે.

શહેરના સેકટરોમાં સ્થિત જુદી જુદી કક્ષાના સરકારી આવાસો છે. જયારે દાયકાઓના અંતે આ મકાનો રહેણાંકને લાયક રહ્યા નથી. જોખમી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી. દાયકાઓ જુના મકાનો હાલ કંગાળ અને જર્જરિત હાલતમાં છે. જયારે તંત્ર દ્વારા જોખમી આવાસો ખાલી કરાવાની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. બીજીતરફ કેટલાક આવાસોનુ રીનોવેશન પણ કરવામાં આવી રહ્યુ છે. જયારે સેકટરોમાં જુના અને જોખમી આવાસો તોડીને તેના ઠેકાણે નવા આવાસો પણ બાંધવામાં આવી રહ્યા છે. જેમાં સે-૭ , સે-૨૯ અને સે-૩૦ માં નવી આવાસ યોજના તૈયાર કરી દેવામાં આવી છે. જેમાં કર્મચારીઓનો વસવાટ પણ છે. જયારે હાલ શહેરના સે-૬ માં

● અનુસંધાન પાન-૭ પર






## સૌરાષ્ટ્ર અને કચ્છમાં કોલ્ડવેવની આગાહી

ગાંધીનગર, તા.૧૯

ઉત્તર ભારતના વિવિધ ભાગોમાં વધતી જતી ઠંડીની અસર હવે ગુજરાત પર થવા લાગી છે. રાજ્યના કચ્છ જિલ્લાના નલિયામાં શુક્રવારે ન્યૂનત્તમ તાપમાન ૨.૫ ડિગ્રી નોંધવામાં આવ્યું છે. જે ગુરુવારની સરખામણીએ ૬ ડિગ્રી ઓછુ છે. સિઝનનું આ સૌથી ઓછુ તાપમાન છે. હવામાન વિભાગે નલિયામાં શનિવાર અને રવિવારે પણ શીતલહેરની આગાહી કરી છે. રાજયના મોટાભાગના જિલ્લાઓમાં છેલ્લા બે દિવસોથી ઠંડા પવનને કારણે ઠંડીનું જોર વધી ગયું છે.



પતંગ પર્વનું આગમન - ભારતીય સંસ્કૃતિમાં પતંગ પર્વનો મહિમા અનોખો છે... અબાલ-વૃદ્ધ, ગરીબ, શ્રીમંત કોઈપણ પ્રકારના ભેદભાવ વિના પતંગ પર્વ ઉજવાય છે... હવે ઉત્તરાયણના આગમનને માત્ર ગણતરીના દિવસો બાકી છે ત્યારે સમાજના તમામ વર્ગોના બાળકો પતંગના શોખને અભિવ્યક્ત કરી રહ્યા છે... ગરીબ વંચિત બાળક પણ પોતાના શોખને ઉત્સાહથી અભિવ્યક્ત કરી રહ્યો છે.

# શહેર-જિલ્લામાં નવા ૪૨ કેસ

ગાંધીનગર, તા. ૧૯

ગાંધીનગર જિલ્લામાં કોરોનાના કેસોમાં ઘટાડાનો ટ્રેન્ડ સતત ત્રીજા દિવસે પણ યથાવત્ રહ્યો છે. બે દિવસ ૫૦થી ઓછા કેસ નોંધાયા બાદ આજે વધુ ૪૨ કેસ નોંધાયા છે.

આજે નોંધાયેલા ૪૨ કેસમાં ૨૪ કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયા છે જ્યારે શહેરમાં ૧૮ કેસ નોંધાયા છે. ગાંધીનગર, માણસા અને કલોલમાં કોરોનાના દર્દીઓ મળી આવ્યા છે. ગાંધીનગર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં કોરોના બેકાબુ બની વકરી રહ્યો છે જેણે તંત્રની ચિંતા વધારી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા ૨૪ કેસમાં ૧૪ કેસ ગાંધીનગર તાલુકામાં નોંધાયા છે. પાંચ કેસ માણસા તાલુકામાં તો પાંચ કેસ કલોલમાં નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે માણસા અર્બન વિસ્તારમાંથી ૨ વર્ષની દિકરીનો અને ગાંધીનગરના કુડાસણમાંથી ૭ વર્ષની દિકરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આજે સાત મહિલાઓ સંક્રમિત થઈ છે. આજે આધેડવય ધરાવતા લોકો વધુ સંક્રમિત થયેલા જણાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૩ દર્દીઓને સઘન સારવાર જરૂરી જણાતાં સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જિલ્લામાં ડેઝીગ્નેટેડ હોસ્પિટલોમાં આજે ૧ હજાર જેટલી બેડ ખાલી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર તાલુકાના

### જિલ્લામાં ૪૪ ને ડિસ્ચાર્જ અપાયુ : કુડાસણમાંથી ૭ વર્ષની અને માણસામાંથી બે વર્ષની દિકરી સહિત ૨૪ કેસ નોંધાયા : ગાંધીનગરમાં ૧૪, માણસામાં ૫, કલોલમાં ૫ કેસ નોંધાયા : શહેરમાં સે. ૭ માં ૪ કેસ સહિત નવા ૧૮ કેસ નોંધાયા

કુડાસણ ગામેથી ૭ વર્ષની દિકરી સહિત ૭ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. આ ઉપરાંત પેથાપુરમાંથી ૩ કેસ તો રાયસણ ગામેથી ૨ કેસ મળી આવેલ છે. વાવોલ, રૂપાલ ગામેથી પણ કેસો મળી આવેલ છે.

માણસા તાલુકામાં અર્બન વિસ્તારમાંથી ૨ વર્ષની દિકરી સહિત ૩ કેસ મળી આવ્યા છે. આ ઉપરાંત ચરાડા અને અમરાપુર ગામેથી પણ કેસ મળી આવેલ છે.

કલોલ તાલુકામાં કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૩ કેસ મળી આવ્યા છે ઉપરાંત રકનપુર ખાતે સઈજ ગામેથી પણ કેસો મળી આવેલ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૨૪ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૩૪૩૬ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં આજે ૧૯૪ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જેમાં ૧૫૦ થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

જિલ્લામાં આજે ૧૦,૭૨૫ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં આજે સતત બીજે દિવસે પણ વધુ ૧૮ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. શહેરમાં છેલ્લા ૩ દિવસથી ૨૦થી ઓછા કેસ પોઝીટીવ નોંધાતા તંત્રએ થોડીક રાહત અનુભવી છે.

શહેરમાં આજે વધુ ૭ મહિલાઓ કોરોનાથી સંક્રમિત થઈ છે. શહેરમાં આજે નોંધાયેલા કેસોમાંથી ૩ દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે.

આજે સંક્રમિત થનારાઓમાં અમદાવાદ પંચાયતના આર.એન્ડ.બી.ના કર્મયોગી, દૂધસાગર ડેરીના નાયબ જનરલ મેનેજર, ટોરેન્ટ ફાર્માનો કર્મયોગી, અમદાવાદ ખાતે શિક્ષિકા તરીકે ફરજ બજાવતી મહિલાનો સમાવેશ થાય છે.

સે. ૭ માંથી ૪ તો સે. ૨૩, સે. ૪ અને સે. ૩ માંથી ૨-૨ કેસ મળવા ઉપરાંત સે. ૧, ૨, ૧૭, ૨૧, ૧૨, ૨૭ અને સે. ૧૬ માંથી કેસ મળી આવેલ છે.

શહેરમાં આજે વધુ ૨૦ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. શહેરમાં આજે પણ ૨૩૦થી વધુ દર્દીઓ હોમ આઈસોલેશનમાં સારવાર હેઠળ છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com